સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતિ વર્ષ)

ચતૂર છે આ ચિનાઈ કોરોના, સિઝન ચૂંટે છે,
ને યુદ્ધના મેદાનમાં તંત્રનું વિઝન છૂટે છે!
રીઝન આવે ન સાચાં બહાર, ફૂંકે છે બણગા -
ને પ્રજામાં હવે વિશ્વાસનો 'ઓક્સિજન' ખૂટે છે!

હાઈકુ

છે ફેંકાફેંક -
દોષનો ટોપલાની -
'જા બિલ્લી' ખેલ...

અંક રમતે -
સરકાર રમે છે -
મોત ના ખેલ!

ચિંતન

ઈશ જીવયોઃ વેષધી ભિદા ।
સત્ સ્વભાવતઃ વસ્તુ કેવલમ્ ॥

ઉપરોક્ત શ્લોક ઉપદેશસારમાંથી લેવામાં આવેલ છે.

ઈશ્વર અને જીવમાં જે ભેદ છે તે વેશનો જ છે, વેશની ભેદબુદ્ધિ છે. સત્ સ્વભાવની દૃષ્ટિએ વસ્તુ-આત્મ વસ્તુ-કેવલ એક જ છે, અદ્વૈત છે. જીવ પરમાત્માનો જ અંશ છે. પરમાત્મા, પરમતત્ત્વ, પુરુષોત્તમ, પરબ્રહ્મ, જે કહો તે સર્વસ્વ એ જ છે. અસ્તિતવ માત્ર એ જ છે. એને જ જયારે સંસારના સંબંધમાં અને પ્રાણીમાત્ર સંબંધે, માનવસંબંધે, ઓળખીએ છીએ ત્યારે એ ઈશ્વર છે, અને એ જ દેહના સંબંધમાં ઓળખવામાં આવે ત્યારે જીવ છે, બીજી રીતે કહીએ તો જીવ કાર્ય છે, ઈશ્વર કારણ છે. એ બંને ઉપાધિ વિના એ પૂર્ણ પરમતત્ત્વ છે.

સુવિચાર

- જયારે તમારા મોંમાં જ સમાય એવડો મોટો કોળિયો લ્યો છો ત્યારે તમારા શ્વાસ રુંધાય જ છે - **ઈટાલી કહેવત**
- સુખી થવા માટે સજ્જન બનવું દુર્જન કદી સુખી બની શકતા નથી - **ચાણક્ય**
- આપણે બીજાના દોષને માફી ન આપીએ તો ઈશ્વર પાસેથી ક્ષમાની આશા રાખવાનો આપણને હક્ક નથી - **ઈસુ ખ્રિસ્ત**
- જેનાં અશ્રુ અને આશ્રય સાચાં હશે એને આ જન્મમાં જ હરિ મળશે - **મોરારિ બાપુ**
- પરમતત્વ પરીક્ષાનો વિષય નથી, પ્રતિક્ષાનો વિષય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- લોકોના હિત તરફ નજર રાખવીએ મોટામાં મોટો કાયદો - **સિસેરો**
- આજનું ઔષધ : એલચીના દાણા અને લવિંગનો બારીક ભૂકો કરી તેમાં મધ ઉમેરી સાત દિવસ સવાર-સાંજ ચાટવાથી મોં ના ચાંદા મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

અમેરિકાના પ્રમુખ જેફરસન ને મળવા લંડનના એક ઉમરાવ શ્રીમાન હામ બોલ્ડાર આવ્યા! બેઠકમાં જેફરસન એક પત્ર લખી રહ્યા હતા. આથી એમણે મહેમાનને કહ્યું, 'આપ થોડીકવાર બેસો હું આ પત્ર પૂરો કરું એટલે આપણે વાતચીત કરીએ. તે દરમિયાન હામ બોલ્ડારની નજર ટિપોય પર પડેલા અખબારો પર પડી. સમય પસાર કરવા તેઓ એક અખબાર વાંચવા લાગ્યા. તે અખબારના પ્રથમ પાના ઉપર જ પ્રમુખ જેફરસનની ભારોભાર ટીકા અને નિંદા કરવામાં આવી હતી.' ઉમરાવ રાહ જોવા લાગ્યા કે પ્રમુખ જેફરસન પત્ર લખી નવરા પડે તો તેમને આ વિશે પૂછ્યું. પત્ર પૂરો થયો અને જેફરસને કહ્યું, 'ફરમાવો, આપની કોઈ વાત. ની ચર્ચા કરીએ.' ઉમરાવે કહ્યું, 'મારી વાત પછી!! પહેલા આપ મને જણાવો કે આ અખબારના તંત્રી સામે તમે કોઈ પગલાં કેમ નથી ભરતાં? તેને જેલ ભેગો કેમ નથી કરતાં? આપ તો પ્રમુખ છો તંત્રીને વગ વાપરીને સીધો દોર કરી દો.' જેફરસને બિલકુલ શાંતચિત્તે કહ્યું, 'મહાશય, આ અમેરિકા લોકશાહી દેશ છે. લોકશાહીમાં અમે અખબારની સ્વતંત્રતા ઉપર કોઈ અંકુશ લગાવતા નથી. અખબારી સ્વતંત્રતા વિનાની લોકશાહી સાચી લોકશાહી કહેવાય નહીં. તમે આ અખબાર તમારી સાથે લઈ જાઓ અને ઈંગ્લેન્ડમાં લોકોને બતાવીને કહેજો કે, અમેરિકામાં આવું અખબારી સ્વાતંત્ર્ય છે, ત્યાંના અખબારો પ્રમુખની બેધડક ટીકા કરી શકે છે.' ઉમરાવ શ્રીમાન હામ બોલ્ડારને લોકશાહીની કિંમત સમજાઈ.

કોરોનાએ કેટકેટલાનાં હૈયા બાળ્યાં

તંત્રીસ્થાનેથી...

સામાન્ય સંજોગોમાં બીમારીઓ પણ આવતી હોય છે અને મોત પણ નીપજતાં હોય છે. પણ એમનો વ્યાપ અને પ્રભાવ મર્યાદિત હોય છે. બીમાર વ્યક્તિ થોડા દિવસ કામધંધો બંધ રાખે, જેના ઘરમાં મોત પડ્યું હોય તે અમુક સમય પૂરતો ખૂણો પાડે, વિધિ-વિધાનમાં પરોવાયેલ રહે; પણ એથી સમગ્ર વેપારધંધા કે સામાજિક પ્રવૃત્તિઓ અને રોજિંદા વ્યવહાર પર ખાસ કશી અસર નહોતી પડતી. અસર પડતી એ જે - તે પરિવારો અને એમનાં નજીકનાં સગાં પૂરતી મર્યાદિત રહેતી. કોરોનાએ તો આખો સિનારિયો જ બદલી નાખ્યો છે. ઘણાં લાંબા સમય સુધી લોકડાઉન ચાલ્યું અને એ પછી 'અનલોક' તબક્કા દરમિયાન પણ કોરોના સંક્રમણ તો અકબંધ જ રહ્યું. તજજ્ઞો એના પીક પિરિયડની રાહ જોતા રહ્યા; બધાને એવો દિલાસો બંધાવતા રહ્યા કે એક વાર પીક પોઝિશન પર પહોંચ્યા પછી કોરોનાનો કેર શમવા લાગશે અને પછી એ સાવ જ અલોપ થઈ જશે. જનસાધારણ શું, ખુદ ડૉક્ટરો પણ કોરોનાના પ્રપંચીરૂપને પારખવામાં ભૂલથાપ ખાઈ ગયા. મહિનાઓ વીતી ગયા - ધંધા રોજગાર ફરી ચાલુ કર્યા વગર તો છૂટકો નહોતો. વતનમાં ચાલ્યા ગયેલા શ્રમિકોને વિમાન મોકલાવી પરત બોલાવાયા - પણ કોરોનાએ તો એનો ભવાઈવેશ ભજવવાનું ચાલું જ રાખ્યું! આશ્ચર્યની વાત છે કે જે પાંચ મહાનગરો અને ચાર રાજયો સૌથી વધારે કોરોના સંક્રમિત છે એમાં ગુજરાત અને ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદની સતત હાજરી રહી છે. વળી સૌથી ઊંચો મૃત્યુઆંક પણ ગુજરાતના ફાળે આવ્યો છે. દેખીતું છે કે એથી કેન્દ્ર અને રાજયના કર્ણધારો ચિંતામાં મુકાય. પ્રજાને પહેલાંથી કોરોનાને ગંભીરતાથી લીધું હોત તો કદાચ આ બીજો દોર શરૂ જ ન થયો હોત. દિલ્હી સરકારે ઈમાનદારીપૂર્વક સાચા આંકડા જાહેર કર્યા એથી કોરોના સામે જરૂરી પગલાં લઈ શક્યા. પરંતુ ગુજરાતના વહીવટી તંત્ર સામે હરહંમેશ શંકાની સોય જ તકાતી રહી છે. હવે જયારે 'કમ્યુનિટી ટ્રાન્સમિશન' નો તબક્કો શરૂ થઈ ગયો છે અને પરિસ્થિતિ નિયંત્રણ બહાર જશે એમ લાગી રહ્યું છે ત્યારે સરકાર અને પ્રજા - બેઉની સાન ઠેકાણે આવી છે. જો કે બેઉની બેદરાકરીને કારણે ઘણું નુકશાન થઈ ચૂક્યું છે; જાનહાનિ અને ધંધા રોજગાર બેઉ મુદ્દે વિકમજનક આંકડા આવી રહ્યા છે. લગ્નસરાની શરૂઆતમાં જ સરકારે નાક કાપીને અપશુકન કર્યા છે. નવાં નિયંત્રણો લદાતાં મીંઢળબંધા વરરાજા અને પીઠી ચોળીને માયરામાં બેસવાની રાહ જોઈ રહેલી લગ્નોત્સુક કન્યાઓનાં સપનાં રોળાઈ રહ્યાં છે. મુહૂર્ત નીકળી ચૂક્યાં છે, કંકોતરીઓ વહેંચાઈ ગઈ છે, પાર્ટી પ્લોટ બુક થઈ ગયા હતા અને વેન્ડરોને ઓર્ડર પર એડવાન્સ ચૂકવી દેવાયું હતું; પણ હવે લગ્ન સમારંભમાં ૧૦૦ થી વધુ માણસોને નોતરવાની મનાઈ ફરમાવાઈ છે. પોલીસ કંકોતરી જોઈને પ્રવેશ આપશે! સોની સંખ્યા પૂરી થશે એટલે બાકીનાને લીલા તોરણે પાછા વળવું પડસે. ટૂંકમાં પરણનારને પરણવાનો કે 'મિષ્ઠાન્નં ઈતરે જનાઃ' વાળી ઉક્તિ મુજબ લગ્ન માણવા આવનારનો આનંદ કોરોનાએ સરકારી રાહે છીનવી લીધો છે. સદીમાં કદાચ પહેલી જ વાર આખી દુનિયાને ઘેરી લેતી આવી મોટી મહામારી આવી હશે. એકવીસદીમાં કાળા માથાનો માંનવી ચંદ્ર-મંગળ પર વસાહત બાંધી શકશે પરંતુ નરી આંખે કે સામાન્ય સૂક્ષ્મદર્શન યંત્રથી નહીં દેખાતા વાઈરસ સામે પાંગળો બની રહેશે. કોરોનાએ માનવજાતને મસમોટો આધ્યાત્મિક મેસેજ આપી દીધો છે. જીવન તો એક સુખદુઃખની ઘટમાળ છે. માત્ર સુખ અને સુખની જ લાલસા સાથે જીવવા ટેવાયેલા માનવીએ કોરોનાને ઘૂંટણીયે પાડી દીધો છે. એણે માનવીને રોજિંદી પ્રવૃત્તિઓ બંધ રાખવા મજબૂર કરી મૂક્યો છે. ઊંચા જીવે જીવતો માનવી એક અદૃશ્ય ચાઈનીઝ વાઈરસની ધાકથી એવો તો ભયભીત બની રહ્યો છે કે એ નથી એનાં બાળકોને ભણવા મોકલી શકતો કે નથી દિવાળીનાં વેકેશન માણવા લાંબી ખેપ ખેડી શકતો. ઘરમાં પુરાઈ રહીને એ ત્રાસી ગયો. એને નાસી છૂટવાનું મન થાય, પણ જાય કયાં? શેરી બહાર ચોકી પહેરો ભરતા પોલીસ દાદા ઊભા છે. ચ્યવનપ્રાશ જેવી ઔષધિઓ, વસાણાં અને માસ્કનું બજાર ગરમ છે. બાકીનું બધું નરમ છે. પણ એવી મોંઘીદાટ ચીજવસ્તુઓ દરેકને થોડી પોસાય છે! હવે તો રસીની રાહ જોવાતી રહી છે. કાળાબજાર ના બોલાય તો કહેજો.

જોયું બેટા... જો સારું ભણીશ તો કેવું કેવું મળે તે જોયું ને?

નવાં કલેવર
નટવર હેડાઉ

સાંજ થવા આવી હતી. લગભગ સાડા છ વાગ્યા હતા. ઓફિસથી છૂટીને નીકળતાં ચ્હાની તલપ લાગી હતી. તેથી જેવી ચ્હાનો મળે ચસ્કો હતો. તે હોટલમાં આવીને બેઠો. ખૂણામાં આવેલ ટેબલ છે ત્યાં બેસવાનો મારો નિત્યક્રમ હતો.

ચ્હા આવી એટલે હું તેની ચૂસ્કી લેવા લાગ્યો. એટલામાં મારા સામેના ટેબલ પર એક માણસ તેની નવ-દસ વર્ષની દીકરીને સાથે લઈને આવેલો. તે બંને મને બિલકુલ દેખાય તે રીતે આવીને બેઠાં.

તે માણસનું શર્ટ ફાટેલું હતું. પેન્ટ પણ મેલુંઘેલું હતું. કદાચ રસ્તા પર ખોદકામ કરનાર કોઈ મંજૂર હશે એવું તેના દેખાવ ઉપરથી લાગ્યું હતું.

છોકરીનું ફ્રોક ધોયેલું અને તેના માથામાં જૂહીના ફૂલની વેણી લગાવેલી હતી. તેનો ચહેરો આનંદિત હતો. તે ખૂબ જ કુતૂહલથી હોટલને આમ તેમ નીરખી રહી હતી.તેના ટેબલની બરાબર ઉપર લગાવેલા પંખાને પણ તે વારંવાર ખૂબ ધ્યાનથી જોતી હતી. તેને બેસવા માટેની ગાદીવાળી ખૂરશી પર બેસતાં તે ખૂબ ખુશ લાગતી હતી. અને તેના નાજુક કોમળ હાથથી ગાદીને દબાવીને તેમજ હાથ ફેરવીને મુલાયમ સ્પર્શથી રાજી થતી હતી. તે વખતે વેઈટર બે સ્વચ્છ ગ્લાસમાં ઠંડુ પાણી લઈને આવ્યો અને તેમની સામે મૂક્યું. તે માણસે પોતાની દીકરી માટે એક પીત્ઝા લાવવાનો ઓર્ડર આપ્યો. આ ઓર્ડર સાંભળીને છોકરીનો ચહેરો ખીલી ઊઠ્યો.

'અને તમે?' વેઈટરે પૂછ્યું, 'ના મારે કંઈ નહીં જોઈએ' પેલા માણસે કહ્યું.

થોડીવારમાં ગરમાગરમ પીત્ઝા અને તે સાથે સોસ, મસાલાની પડીકીઓ આવી ગઈ. છોકરી ખાવામાં વ્યસ્ત થઈ ગઈ અને તે માણસ ઉત્સુકતાથી તેને જોતો પાણી પી રહ્યો હતો.

એટલામાં તેના ફોનમાં રીંગ વાગી. એ જ જૂનો નોકિયાનો ફોન, કદાચ તેના મિત્રનો ફોન આવ્યો હોય તેવું મને લાગ્યું. તે કહી રહ્યો હતો કે આજે તેની દીકરીનો જન્મ દિવસ છે અને તેને લઈને હોટલમાં આવ્યો છે. તે વાત કરતો હતો કે તેણે તેની દીકરીને પ્રોમીસ કર્યું હતું કે જો તે તેની સ્કૂલમાં ફર્સ્ટ નંબર લાવશે તો તે તેને જન્મદિવસે પીત્ઝા ખવડાવશે. અને તે અત્યારે પીત્ઝા ખાઈ રહી છે. જરા અટકીને તે બોલ્યો. 'ના... ના... ભઈ અમે બંને કઈ રીતે ખાઈ શકીએ...? અમારી પાસે એટલા રૂપિયા કયાંથી હોય... ઘેર મકાઈનો રોટલો ને શાક તૈયાર જ હશે.'

તેની વાતમાં ધ્યાન દેવાને કારણે ગરમ ચ્હા પીવાઈ જતાં ઝટકો લાગ્યો અને હું વાસ્તવિકતામાં પાછો ફર્યો. ભલે કોઈ ગરીબ હોય કે તવંગર પોતાની દીકરીના ચહેરા પર સ્મિત જોવા માટે કંઈ પણ કરી શકે. ચ્હા પીને હું ઊભો થયો. અને કાઉન્ટર પર જઈ મારી ચ્હા અને બે પિત્ઝાના પૈસા આપ્યા અને કહ્યું કે એક પીત્ઝા વધુ તેને આપી દો. તે પૈસા બાબતે પૂછે તો કહેજો કે અમે તમારી વાત સાંભળી, આજે તમારી દીકરીનો જન્મદિવસ છે વળી તે સ્કૂલમાં પહેલાં નંબરે પાસ થઈ છે. તેથી હોટલ તરફથી તમારી દીકરીને સરપ્રાઈઝ ગીફ્ટ આપીએ છીએ. તેને આગળ વધુ સારો અભ્યાસ કરવાનું કહેજો. પરંતુ ભૂલથી પણ 'મફત' શબ્દ ન વાપરતાં નહીંતર તેના સ્વાભિમાનને ધક્કો વાગશે.

વેઈટરે એક વધુ પીત્ઝા તે ટેબલ પર મુકી દીધો. હું બહારથી જોઈ રહ્યો હતો. તે છોકરીનો બાપ ગભરાઈ ગયો અને બોલ્યો! 'મેં તો એક જ પીત્ઝા મંગાવ્યો ત્યારે મેનેજરે કહ્યું, 'અરે! તમારી દીકરી સ્કૂલમાં પહેલા નંબરે આવી છે તેથી ઈનામમાં આજ હોટલ તરફથી તમને બંનેને પીત્ઝા આપીએ છીએ. તે પિતાની આંખમાં જળજળીયા આવી ગયા. તેણે છોકરીને કહ્યું, 'જોયું બેટા. જો સારું ભણીશ તો કેવું કેવું મળે તે જોયું ને?'

પિતાએ વેઈટરને કહ્યું, 'આ પીત્ઝા મને તમે પેક કરીને આપી શકો? હું ઘરે લઈ જઈશ તો તો હું ને મારી પત્ની મળીને અર્ધો અર્ધો ખાઈ લઈશું. તેણે તો કદી પીત્ઝા જોયા પણ નથી. આ સાંભળી મારી આંખો છલકાઈ ગઈ. હું ત્યાં ઊભો રહી ન શક્યો.'

સંબંધોને ઉજાળીને દિવ્ય અને ચેતનવંતુ બનાવતું પર્વ : પ્રકાશપર્વ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

ભારતીય સમાજમાં અને ખાસ કરીને હિન્દુ સમાજમાં વિવિધ રીતે ઉજવાતા બધા જ તહેવારોમાં ખૂબ જ મહત્વ ચ્હે પણ તેમાં યે ખાસ કરીને દીપવાલીનું આગવું અને વિશેષ મહત્વ છે. દીપાવલી પ્રકાશનું પર્વ કહેવાય છે. દીપાવલીના પર્વમાં દીપમાળાઓના પ્રકાશમાં સઘળું ઝળહળ થાય છે. ભૌતિક રીતે તો સઘળું પ્રકેશે છે સાથે સાથે આપણાં સૌ કોઈના જીવનમાં પ્રકાશ ફેલાય છે. આ પ્રકાશપર્વ માત્ર લોકોના જીવનમાં નવો ઉત્સાહ પ્રેરે છી સાથે સાથે માનવીય સંબંધોને પણ એટલા જ પ્રજ્વલિત કરે છે.

બધાં જ તહેવારોની જેમ જ દીપાવલીનું પર્વ જે સતત સાત દિવસ ચાલે છે એ પર્વ સૌ કોઈને સાથે મળીને ઉજવવાનું પર્વ છે. એવું બનતું હોય છે કે કુટુંબના કોઈ સભ્યો દેશ કે પરદેશ રહેતા હોય. શક્ય છે કે આખા વર્ષ દરમિયાન કદાચ કોઈ કુટુંબીજનો ને સાથે મળવાનો અવસર પ્રાપ્ત ના થયો હોય. કે દીપાવલીના તહેવારો એવા છે કે માત્ર દેશમાથી જ નહીં પરદેશથી પણ લોકો પોતાના માદરે વતન, પોતાના કુટુંબ સાથે પર્વની ઉજવણી કરવા માટે ઉત્સુક હોય છે. દરેક કુટુંબીજન દીપાવલીના તહેવારોની કાગડોળે રાહ જોતાં હોય છે અને એકબીજાને મળવા માટે ઉત્સુક હોય છે. પોતાની નોકરીઓમાથી રજાઓ લઈને પોતાના વ્યવસાય બંધ કરીને, ગમે તેટલો ખર્ચ કરીને, બીજું બધુ જ ભૂલીને દીપાવલીના તહેવારોની ઉજવણી માટે પોતાના કુટુંબ સાથે જોડાઈ જતાં હોય છે.

આ તહેવારો દરમ્યાન મોટા ભાગના લોકો બહાર જવાને બદલે, પોતાના ઘેર, પોતાના કુટુંબ સાથે પોતાના સ્નેહીજનો અને આપ્તજનો સાથે ઉજવવાનું અને માણવાનું પસંદ કરતાં હોય છે. તેમાએ ખાસ કરીને આજના કોરોના કાળમાં તો ભાગ્યે જ કોઈ કુટુંબ પ્રવાસન સ્થળ કે યાત્રાધામમાં જઈને તહેવારોની ઉજવણી કરવાનું પસંદ કરશે. દીપાવલી જેવો તહેવાર કુટુંબીજનો સાથે ઉજવવાની પાછળ ઘણા સબળ કારણો છે. તેમાંનું એક મહત્વનુ કારણ, પોતાના કુટુંબીજનો સાથે બે-પાંચ કે સાત દિવસ સાથે રહેવાય, સુખ-દુઃખની વાતો થાય, સાથે મળીને કૌટુંબિક પ્રશ્નોનાં નિરાકરણ થાય અને કુટુંબને લગતા ભવિષ્યના આર્થિક, વ્યવસાયિક કે સામાજિક આયોજનો થાય. તહેવારો દરમ્યાન કુટુંબીજનો એક સાથે લાંબો સમય રહે, કુટુંબના પ્રશ્નો અને સમસ્યાઓની વિશદ ચર્ચા વિચારણા થાય, આખરી નિર્ણયો લેવાય જેને કારણે પછીના સમયમાં તેના અમલીકરણ સમયે કોઈ સમસ્યાઓ આડે આવી ના આવે.

આ કોરોના કાળમાં કદાચ ઓછું હોય નહિતર સમયા સંજોગોમાં દીપાવલીના તહેવારો નિમિત્તે જરૂરી કપડાં, ઘરેણાં, મીઠાઈ, ફટાકડા, ગૃહ સજાવટને લગતી બધી જ ચીજ વસ્તુઓની ખરીદી પણ મોટે ભાગે કુટુંબીજનો સાથે મળીને અને તેઓની પસંદગી પ્રમાણે થતી હોય છે. સાથે મળીને ખરીદી કરવાથી પણ કુટુંબીજનો વચ્ચે આત્મીયતા વધતી હોય છે અને સંબંધો વધુ ગઢ બનતા હોય છે.

રાત્રે સાથે મળીને શહેરની રોશની નિહાળવી, મોડે સુધી પાડોશીઓ સાથે ફટાકડા ફોડવાની મોજ માણવી, મોડી રાત્રે ગરમ નાસ્તાની જયાફત ઉડાડવી, સવારે વહેલા ઊઠીને સૌની સંગાથે રંગોળીઓ પૂરવી, દિવસના દેવ-દર્શન કરવા, આ બધાજ પ્રકારની ઉજવણીને કારણે કુટુંબીજનો સતત સાથે રહે છે. આવું કરવાથી કુટુંબીજનોને એકબીજાના ગમા-અણગમાનો ખ્યાલ આવે છે, એકબીજાને વધારે નજીકથી સમજી શકે છે અને જે સંબંધોને વધારે મજબૂત બનાવે છે.

વર્તમાન સમયમાં નાના બાળકો અને તરુણો પોતાના માં-બાપ સિવાયના કુટુંબીજનોના સ્નેહ, પ્રેમ, માર્ગદર્શનથી વંચિત થતાં જાય છે કારણ કે નોકરી કે વ્યવસાયને કારણે સંયુક્ત કુટુંબો વિભક્ત થઈ રહ્યા છે. કેટલાક બાળકોને તો સંયુક્ત કુટુંબના સંબંધીઓના નામની જ ખબર નથી હોતી, તો પછી એ સંબંધો વિષે તો કહેવું જ શું? દીપાવલીના તહેવારો નિમિત્તે બાળકોને એ સંબંધોની જાણકારી થાય છે કારણ કે સંયુક્ત પરિવારના મોટા ભાગના સભ્યો મળે છે અને સાથે રહે છે, તેઓને કુટુંબીજનોના પ્રેમ અને સ્નેહની હુંફ મળે છે. સંબંધોને કેમ જાળવવા અને નિભાવવા એવા એક પ્રકારના સંસ્કારોનું સિંચન બાળકોમાં થાય છે. આ વાત માત્ર બાળકો પૂરતી જ સીમિત નથી રહેતી. કુટુંબમાં આવેલી નવવધૂઓને પણ એટલી જ લાગુ પડે છે. તેઓમાં પણ આ તહેવારોને કારણે કુટુંબભાવના ખીલે છે અને કુટુંબના કેટલાક વારસાગત સંસ્કારોનું નવવધુઓમાં સિંચન થાય છે. કુટુંબના પરંપરાગત વારસાને આગળ ધપાવવા માટે તેઓને એક પ્રકારની તાલીમ મળે છે.

તહેવારોની વિવિધ પ્રકારની ઉજવણી જેવી કે લક્ષ્મીપુજન, સમૂહમાં ફટાકડા ફોડી ને માણવામાં આવતો આનંદ, નવા વર્ષના સ્નેહ મિલન વિગેરે પ્રકારની ઉજવણીને કારણે માત્ર કુટુંબીજનો જ નહીં પણ પાડોશીઓ, સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રો અને જ્ઞાતિ કે સમાજના લોકો પણ એકબીજાને હળેમળે છે જેને કારણે સૌ કોઈ સાથેના સંબંધો તાજા થાય છે અને સંબંધો વધારે નજીક આવે છે.

એવું શક્ય છે કે કોઈપણ નાનામોટા કારણોસર ક્યારેક કૌટુંબીક કે અન્ય સંબંધોમાં નાના મોટા ખટરાગ ઊભા થઈ ગયા હોય, બે કુટુંબીજનો કે સંબંધીઓ વચ્ચે એક તનાવ ઊભો થઈ ગયો હોય તો દિવાળી પર્વ નિમિત્તે સાથે રહેવાથી, ચર્ચા કરવાથી, ખટરાગ પડવાના કારણોનો ઉકેલ લાવવાથી અથવા તો સાથે ઉજવણીઓ કરીને આનંદ માણવાથી પણ એ તણાવ નાબૂદ થઈ શકે છે અથવા તો ઓછો થઈ શકે છે.

નુતનવર્ષ નિમિત્તે પોતાના કુટુંબીજનો, સ્નેહીઓ અને સંબંધીઓને વડીલો ભેટ સોગાદો આપવામાં આપે છે. સંબંધોમાં ભેટસોગાદોની કિંમત મહત્વની નથી હોતી. ભેટસોગાદો આપવા પાછળ પ્રેમ અને સ્નેહભાવ હોય છે તેનું જ મૂલ્ય હોય છે. પ્રેમથી આપેલી અમુલ્ય ભેટ-સોગાદોને કારણે વડીલો પ્રત્યેનો આદરભાવ વધે છે અને સ્નેહબંધનો ગાઢ બને છે,

માનવીય સંબંધોને પ્રજ્વલિત કરીને, તેમાં ચેતના પ્રગટાવીને, પ્રકાશીત કરવાનું, સંબંધોને ઉજાળવાનું, સંબંધોને દિવ્ય અને ચેતનવંતુ બનાવવાનું દિપાવલીનું પર્વ મહામૂલું પર્વ છે.

નૂતન વર્ષમાં મહામારીથી મુક્તિ મળે તથા બધા સુખી બને!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જીવન પ્રત્યે જોવાની દૃષ્ટિ હવે ધીરે ધીરે બદલાઈ રહી છે. તેમ છતાં સ્વચ્છંદતા જે ઊભી થઈ છે તેના કારણે અનુશાસન નથી એટલે જ કોરોના કાબુમાં આવ્યાની સ્થિતિમાં થી ફરી હાલત બગડી છે. લોકો ને જીવવું તો છે જ પરંતુ નીતિનિયમો પાળવામાં ધ્યાન આપવામાં બહુ હલકી માનસિકતા છે પછી બીજા ને દોષ આપવાનો કોઈ અર્થ નથી. સામાજિક જીવનમાં શિસ્તના અભાવને લીધે ભારતમાં ઘણી સમસ્યાઓ હેરાન કરે છે. બધુ જ્ઞાન બધા પાસે છે છતાં પોતાના સુખથી આગળનું વિચારવું કોઈને ગમતું નથી! ફિક્કી દિવાળી ગઈ તથા બજારમાં રોનક છેલ્લા દિવસોમાં માત્ર નામની ઝલક રૂપે દેખાઈ છતા વેપારીઓ પાસે ગ્રાહકોની કમી રહી ને ભીડ ભારે થઈ જેનાથી સંક્રમણ વધી ગયું. વિશ્વને પીડીત કરનાર દેશને સત્વરે દંડ આપવા કોઈ રાષ્ટ્ર તેયાર નથી. વિકસિત હોવાની ફલશ્રુતિ શું હશે? ન્યાય ના હોય તો તેના અસ્તિતવ માટે બધું કરવું જ પડે માત્ર ડિપ્લોમસીથી કામ થતા પણ નથી. તહેવારોની શાન મહામારી એ છીનવી લીધી તો બીજી તરફ આર્થિક રીતે બહુ વિકૃત હાલત થઈ. ધંધા ઉદ્યોગ પણ જેવા ધમધમતા હતા એ હવે નથી. કોરોના એ બધાને કંગાલ કર્યા એ તો હકીકત છે! લાભ વિનાની લાભપંચમી પણ રસહીન - શુષ્ક રીતે ગઈ

સમાવી જો શકુ વ્યાખ્યામાં એને 'લાભ' હેઠળ
અરે પાંચમ, તું કર 'કલ્યાણ' સૌનું આભ હેઠળ
સાથ કાયમનો
છતા સહવાસ જેવું કંઈ નથી
સૂર્યનો આભાસ છે
અજવાસ જેવું કંઈ નથી!

લોકોને પોતપોતાની વિચારધારા બદલાવવાની ખુબ જરૂરત છે. જેનાથી સ્થિતિ સાનુકૂળ બનશે. પ્રશાસન તેમના કર્તવ્યનું પાલન કરે તો પ્રજા તરીકેની જવાબદારી લોકોએ નિભાવવી જોઈએ માત્ર વાણી વિલાસથી કંઈ જ પ્રાપ્ત થઈ શકતું નથી. નવા વર્ષમાં પ્રથમ તો મહામારી માટેની વેકસીન સત્વરે ઉપલબ્ધ થાય તેવી અપેક્ષા છે બીજું જયાં સુધી દવા નથી આવતી ત્યાં સુધી બધા નિયત નિયમોનું ચુસ્ત પાલન કરી મહામારીને હરાવે તથા સ્વયંને સુરક્ષિત કરે. ત્રીજુ સરકારશ્રીને અપીલ છે કે શિક્ષણ કાર્ય સંસ્થાઓમાં શરૂ કરવાની ઉતાવળ બિલકુલ ના કરે કારણ કે હજી સંક્રમણ અટકી ગયું નથી ઉપરાંત પ્રત્યેક ઘરમાં શોક ઊભો થાય તેવા દિવસો કોઈ વાલી ચાહતા નથી. અન્ય રાજયો પણ આ માટે ઉતાવળ કરતા નથી જે ઉચિત લાગે છે.

ચોથી બાબત એ છે કે નવા વર્ષમાં નવી ભરતીઓ ઝડપથી કાર્યરત સરકાર કરે જેથી આવક વૃદ્ધિનો અહેસાસ બહુધા લોકો કરે - તદુંપરાંત બજારમાં માંગ સર્જન થશે જે અર્થચક્રની મંદગતિને ઝડપી બનાવશે. આત્મનિર્ભર ભારતની વાત ઉમદા છે પરંતુ તેના માટે માત્ર લોન ઘટકથી ગાડી દોડશે નહીં. લોકોની ખરીદશક્તિ વધે તે માટે ઘણા એજન્ડા છે. તેના અમલીકરણમાં ધ્યાન આપવું જ પડશે. સંપત્તિનું વિકેન્દ્રીકરણ થાય તે સમાજના હિતમાં હોય છે. મુઠ્ઠીભર લોકોની સંપત્તિ વધ્યા કરે અને બીજા લોકો માત્ર ટેક્સ ભર્યા કરે અને જોયા કરે એ વાસ્તવમાં વિકાસનો રાજમાર્ગ નથી! સબકા વિકાસના નારાનો દિલથી બધાને અહેસાસ થાય એ સુનિશ્ચિત કરવાની જવાબદારી પ્રશાસનની છે પ્રજા હજી પણ શાસક પક્ષ ઉપર શ્રદ્ધા ધરાવે છે. કારણ કે પ્રજા માને છે કે ભવિષ્યમાં ભારત જરૂર પ્રગતિ કરશે તથા જનહિત પ્રાપ્ત થશે. ખુલ્લા અર્થતંત્રની આર્થિક સુધારના એજન્ડાને વિશ્વકક્ષાએ સ્વીકૃતિ મળી છે જ. ભારતનું આત્મનિર્ભર બનવું એટલે આપણે જ સ્વયં સાથે બધું વિકાલલક્ષી આયોજન અમલી બનાવવું - પગભર થવું અને અન્ય દેશો પર નિર્ભર રહેવામાં કમી લાવવી. સ્વયંથી સ્વયંને ચાહી સુશોભિત કરવું આ આર્થિક ભાષામાં સમજવાનું છે. પ્રજા સરકારને સહાય કરવા તત્પર છે પણ છેડે એજન્ડા ખુલ્લા હોવા ખુબ જરૂરી છે. કેમ કે બધું ખાનગીકરણ ના હવાલે કરવાથી જબરૂ - શોષણ અવશ્ય થઈ શકે છે!!

વિસ્તારવાદ વાળા નકારાત્મક પડોશી દેશોને જરૂરથી સબક મળશે તેવો પ્રજાને વિશ્વાસ છે. વિશ્વકક્ષાએ જે સંપત્તિ માટેની દોડ ઊભી થઈ છે તે ઘાતક છે. ભારતમાં પણ એની અસર જોવા મળી અને તે પણ મહામારીના કપરાકાળમાં માટે સરકારે નવા વર્ષમાં આર્થિક નીતિઓમાં પરિવર્તનો લાવવા જ પડશે. ગરીબીરેખાની વ્યાખ્યા કે માપદંડ ગમે તે હોય, બજારમાં લટાર મારવા જઈએ તો હાલત કેવી છે તે સ્પષ્ટ જોઈ શકાય છે. ટેક્સ પદ્ધતિથી પણ અમલીકરણ બદલાવી શકાય ઉપરાંત કોર્પોરેટ ક્ષેત્ર ઉપર જવાબદારી વધુ વિચારી શકાય કારણ કે હવે નિમ્નસ્તર તથા મધ્યમ સ્તરનાં લોકો પાસે કંઈ બચી શકતું નથી!! કપડા બ્રાન્ડેડ છે તો વિચારધારા તૂટી ગયેલા કપડા જેવી - આ સ્થિતિમાં સમાજ જીવે છે.

નિર્ધન ગીરે પહાડ સે
કોઈ ના પૂછે હાલ
કરોડપતિ કો કાંટા લગે
તો પૂછે લોગ હજાર!

બધા સુખી બને તેવી ભાવના સૌ નવા વર્ષમાં કેળવે તે જરૂરથી સારું તાય કેમ કે સૃષ્ટિ ઉપર વિચારોનું રાજ હોય છે. માત્ર ઈચ્છવાથી કંઈ થતું નથી. પરંતુ જે શુભ કરી શકાય તેને કોઈ તોડી ના શકે. પાનખરની ડાળી હાથમાં ઝાલીને વસંતની કવિતા લખતા આવડે તો કદાચ કવિ થવામાં મુશ્કલી નથી પડતી. એક સુંદર શેર સમજવા જેવો છે.

જરૂરી હૈ જેહન મેં રામ કો જિન્દા રખના
પૂતલે જલાને કે કભી રાવણ ન